## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,
## ગાંધીનગર

## <u>પ્રેસ નોટ</u>

તારીખ: ૨૫/03/૨૦૨૬

રાજ્યના વિતરણ પરવાનેદારો દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ટ્રુઇંગ-અપ, સુધારેલ એગ્રીગ્રેટ મહેસૂલી જરૂરીયાત (Aggregate Revenue Requirement - ARR) ની મંજૂરી તેમજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ટેરિફ નક્કી કરવા બાબતની પીટીશનો, સંબંધિત વાર્ષિક હિસાબો સાથે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય પ્રશુલ્ક) વિનિયમો, ૨૦૨૪ (GERC Multi-Year Tariff Regulations, 2024) હેઠળ નિર્ધારિત સિદ્ધાંતો અને પદ્ધતિઓને અનુરૂપ આયોગ સમક્ષ દાખલ કરવામાં આવી હતી. આ અરજીઓ વિદ્યુત અધિનિયમ, ૨૦૦3 અને તે હેઠળના સંબંધિત વિનિયમો અનુસાર નોંધણી કરી ટેરિફ ઓર્ડરો જારી કરવા માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ.

જાહેર ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે વિતરણ પરવાનેદારોને તેમની અરજીઓ અખબારોમાં પ્રકાશિત કરવા આયોગ દ્વારા નિર્દેશ આપવામાં આવ્યા હતા. લોકોની ટિપ્પણીઓ અને સૂચનોને આમંત્રણ આપવા માટે એક વ્યાપક કવાયત હાથ ધરવામાં આવી હતી. આયોગ ને મળેલા વાંધા અને સૂચનોના યોગ્ય અભ્યાસ કરવામાં આવેલ અને આ સંદર્ભે તા. ૨૪ અને ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ જાહેર સુનાવણીઓ યોજવામાં આવેલ. જેમાં વ્યક્તિઓ અને સંગઠનો સહિતના ઘણા હિસ્સેદારોએ સક્રિયપણે ભાગ લીધો હતો.

આયોગે જરૂરી ચકાસણીઓ કરવા સાથે તમામ હિતધારકોના હિતોને ધ્યાનમાં રાખીને, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે એગ્રીગ્રેટ મહેસૂલી જરૂરીયાત (ARR) અને ટેરિફ નક્કી કરીને સંબંધિત પીટીશનો પર ટેરિફ ઓર્ડરો જારી કર્યા છે.

આ મુજબ નક્કી કરાયેલ સુધારેલ ઇલેક્ટ્રિસિટી ટેરિફ ૦૧ એપ્રિલ, ૨૦૨૬ થી લાગુ પડશે.

**ટેરિફ ઓર્ડરો ના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે:**

- રાજ્ય માલિકીની વિતરણ પરવાનેદારો તથા ટોરેન્ટ પાવર લિમિટેડ (અમદાવાદ, ગાંધીનગર અને સુરત વિસ્તારો) ના ગ્રાહકો માટે નિર્ધારિત ટેરિફ રેટ્સ માં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

- <u>રાજ્ય માલિકીની વિતરણ પરવાનેદારોના વિજળી ગ્રાહકો માટે:</u>

**૧. પ્રીપેઇડ સ્માર્ટ મીટર રિબેટ**

(i) પ્રીપેઇડ સ્માર્ટ મીટરિંગ અને બિલિંગ વ્યવસ્થા અપનાવનાર ગ્રાહકો માટે એનર્જી ચાર્જ પર હાલનું ૨% રિબેટ વધારીને ૩% કરવામાં આવેલ છે.

**૨. ટાઇમ ઑફ યુઝ (ToU) ડિસ્કાઉન્ટ**

(i) ToU ડિસ્કાઉન્ટનો લાભ હવે RGP, GLP, NRGP, LTMD અને LT EV ચાર્જિંગ સ્ટેશન કેટેગરીના સ્માર્ટ મીટર ધરાવતા પોસ્ટપેઇડ ગ્રાહકોને પણ ઉપલબ્ધ રહેશે, જે અગાઉ માત્ર પ્રીપેઇડ બિલિંગમાં જ ઉપલબ્ધ હતો.

(ii) ToU ડિસ્કાઉન્ટનો સમયગાળો, જે હાલ ૧૧૦૦ કલાકથી ૧૫૦૦ કલાક (દિવસના ૪ કલાક) સુધી મર્યાદિત હતો, તેને વધારીને ૧૧૦૦ કલાકથી ૧૭૦૦ કલાક (દિવસના ૬ કલાક) સુધીનો કરવામાં આવ્યો છે. જે RGP, GLP, NRGP, LTMD, LT EV ચાર્જિંગ સ્ટેશન, HTP-I, HTP-II તથા HT EV ચાર્જિંગ સ્ટેશન કેટેગરીના ગ્રાહકો માટે લાગુ પડશે.

(iii) ToU ડિસ્કાઉન્ટની સગવડ તમામ વોટરવર્ક્સ જોડાણો માટે લાગુ પાડવામાં આવી છે અને સદર ડિસ્કાઉન્ટ માટે જોડાયેલ લોડ ૫૦ HP તથા તેથી વધુ હોવો જોઈએ તેવી શરત દૂર કરવામાં આવી છે.

દિવસ દરમિયાન ગ્રિડમાં ઉપલબ્ધ સસ્તી સોલાર ઊર્જાનો લાભ અંતિમ ગ્રાહકો સુધી પહોંચાડવાના હેતુથી ToU ડિસ્કાઉન્ટની શરતોમાં ઉપર મુજબ નો ફેરફાર કરવામાં આવેલ છે.

**૩. LT કેટેગરી માટે ટાઇમ ઑફ યુઝ (ToU) ચાર્જ અંગે**

(i) આયોગ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ છે કે, NRGP / LTMD / LT EV ચાર્જિંગ સ્ટેશન કેટેગરીના ગ્રાહકો માટે ToU ચાર્જ તે જ કિસ્સામાં લાગુ પડશે જ્યાં ગ્રાહકના સ્થાપન પર ToD રેકોર્ડિંગ સુવિધાવાળું મીટર ઉપલબ્ધ હશે.

આયોગે ટેરિફ શેડ્યૂલ માં યોગ્ય સુધારા કરીને સુનિશ્ચિત કર્યું છે કે ToU ચાર્જ ની ચુકવણી સાથે સંબંધિત ગ્રાહકોને ToU ડિસ્કાઉન્ટનો લાભ પણ પ્રાપ્ત થાય.

**૪. ગ્રીન પાવર ટેરિફ**

(i) 'ગ્રીન પાવર ટેરિફ' માટેનો રેટ હાલ ના રૂ. ૦.૯૦/kWh માંથી ઘટાડીને રૂ. ૦.૭૫/kWh કરવામાં આવેલ છે.

- **ટોરેન્ટ પાવર લિમિટેડ (અમદાવાદ, ગાંધીનગર અને સુરત વિસ્તાર) ના ગ્રાહકો માટે:**

**૧. HTMD-I, HTMD-II તથા HTMD-Metro Traction કેટેગરીના ગ્રાહકો માટે "સોલાર કલાક રિબેટ" (Solar Hours Rebate)**

(i) વર્તમાન વીજ પુરવઠા તેમજ માંગની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, હાલની રાત્રિ કન્સેશનની જોગવાઈને બદલે, દિવસ દરમિયાન ૧૧૦૦ કલાકથી ૧૫૦૦ કલાક વચ્ચે વિજળી વપરાશ માટે 30 પૈસા/kWh ના દરે સોલાર કલાક રિબેટ આપવામાં આવશે.

**૨. ToU ચાર્જ માટે સમયગાળામાં ફેરફાર**

(i) વર્તમાન વીજ પુરવઠા તેમજ માંગની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ToU ચાર્જ માટે હાલના સમયગાળાઓ, જેમ કે (અ) ૧૨૦૦ કલાકથી ૧૭૦૦ કલાક અને ૧૮૩૦ કલાકથી ૨૧૩૦ કલાક (અમદાવાદ અને ગાંધીનગર માટે) તથા (બ) ૦૭૦૦ કલાકથી ૧૧૦૦ કલાક અને ૧૮૦૦ કલાકથી ૨૨૦૦ કલાક (સુરત માટે), માં ફેરફાર કરીને અમદાવાદ, ગાંધીનગર અને સુરત માટે ૦૬૦૦ કલાકથી ૦૮૦૦ કલાક તથા ૧૭૦૦ કલાકથી ૨૩૦૦ કલાક સુધીના નક્કી કરવામાં આવ્યા છે.

**૩. ગ્રીન પાવર ટેરિફ**

(i) 'ગ્રીન પાવર ટેરિફ' માટેનો રેટ હાલ ના રૂ. ૦.૯૦/kWh માંથી ઘટાડીને રૂ. ૦.૭૫/kWh કરવામાં આવેલ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે DGVCL સિવાય અન્ય તમામ વિતરણ પરવાનેદારો દ્વારા હાંસલ કરેલ ડિસ્ટ્રીબ્યુશન લોસ આયોગ દ્વારા નિર્ધારિત લક્ષ્યાંકો કરતાં ઓછા રહ્યા છે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે ડિસ્ટ્રીબ્યુશન લોસ ના લક્ષ્યાંકો, વર્ષ ૨૦૨૪-૨૫ માટેના હાંસલ કરેલ લોસ અને વર્ષ ૨૦૨૬-૨૭ માટેના આ બાબત ના લક્ષ્યાંકો નીચેના કોષ્ટક માં દર્શાવેલ છે.

**ડિસ્ટ્રીબ્યુશન લોસ(%)**

| ડિસ્કોમ | આયોગ દ્વારા આપવામાં આવેલ લક્ષ્ય (૨૦૨૪-૨૫) | વિતરણ પરવાનેદારો દ્વારા હાંસલ કરેલ (૨૦૨૪-૨૫) | આયોગ દ્વારા આપવામાં આવેલ લક્ષ્ય (૨૦૨૬-૨૭) |
|---|---|---|---|
| યુ.જી.વી.સી.એલ. | ૭.૦૦% | ૬.૨૩% | ૫.૨૮% |
| ડી.જી.વી.સી.એલ. | ૧.૬૦% | ૩.૯૫% | ૧.૩૧% |
| એમ.જી.વી.સી.એલ. | ૮.૩૭% | ૮.૩૮% | ૫.૬૬% |
| પી.જી.વી.સી.એલ. | ૧૫.૫૦% | ૧૨.૬૧% | ૧૨.૧૫% |
| ટોરેન્ટ પાવર લિ. (અમદાવાદ/ગાંધીનગર) | ૩.૭૪% | ૩.૩૩% | ૩.૭૪% |
| ટોરેન્ટ પાવર લિ. (સુરત) | ૩.૧૭% | ૨.૮૧% | ૨.૭૭% |

-સહી-

(એસ. જે. જોશી, આઈ.એ.એસ.)
સચિવ
ગુજરાત વિદ્યુત નિયામક આયોગ
ગાંધીનગર

ગાંધીનગર
તા. ૨૫/૦૩/૨૦૨૬